જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/03/૨૦૨૩ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૧૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૧ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૪૪૮ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૨૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૫૨૧/૨૦૨૩

**સરખેજઃ** ગુણવતભાઈ કાંતિભાઈ પટેલ (રહે.શરણદીપ મેન્શન બંગ્લોઝ, હનુમાનજી મંદિર પાસે વી.આઈ.પી.રોડ ધુમા બોપલ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/03/૨૦૨૩ સાંજના ૭/30 થી રાતના ૮/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એસ.પી.રીંગ રોડ બોપલ બ્રિજ નજીક સન સિટી ગેટની બાજુમાં આવેલ “કુકુજ ઢોસા” હોટલ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

## સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૫૨૨/૨૦૨૩

**મણીનગરઃ** પરેશભાઇ મહેન્દ્રભાઇ જોષી(ઉ.વ.૫૩)(રહે.ન્યુ જશપાર્ક સોસાયટી અંબિકા સોસાયટીની બાજુમાં ઇસનપુર) તા.૨૫/03/૨૦૨૩ રાતના ૯/00 વાગ્યાના સુમારે મણીનગર સિધ્ધીવિનાયક સર્કલથી જીરાફ સર્કલ તરફ જતા વસંતવાડી હોલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પરેશભાઇના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૬૭,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પરેશભાઈ જોષીએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.જે.જી.વાઘેલા ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૨૩/૨૦૨૩**

**સરખેજઃ** જીયાઉલહક બાબુભાઈ પઠાણ (રહે.મલકાણી તળાવ પાસે, જાહેર શૌચાલય સામે, સરખેજ ગામ) તા.૨૦/૦૩/૨૦૨૩ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધુમાડો કરવા લીમડાના પાન સગડી પર રાખી સગડીમાં આગ લગાડી હતી ત્યારે ઘરમાં આગ લાગતા જીયાઉલહક પઠાણની દોઢ વર્ષની પુત્રી નૂરબાનું પઠાણ દાઝી ગઈ હતી. સારવાર માટે તેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૩/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૨૪/૨૦૨૩**

**વાસણાઃ** રોહીત રાજકુમાર ચૌહાણ (ઉ.વ.૧૯)(રહે.મનકામેશ્વર મંદિરની બાજુમાં પ્રવિણનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ નવલસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી